# Day to Day Current Affairs

28 March-2015

૧) **રામનવમી** : આજે 28 માર્ચના રોજ ચૈત્ર સુદ નોમ એટલે કે ભગવાન શ્રીરામની જન્મજં યતિ(રામનવમી) છે

૨) **'આયોગ ભવન'** : ગાંધીનગરમાં ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)નું નવું 'આયોગભવન' અધતન સુવિધાઓ સાથે 11 માસમાં તૈયાર થશે. આ જાહેરાત મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે 'આયોગ ભવન'ના ખાતમુહુર્ત પ્રસંગે કરી હતી. રાજ્ય સેવામાં ભરતી માટેની પરીક્ષાઓ, ઇન્ટરવ્યું વગેરે માટેની તમામ સુવિધાઓ આ ભવનમાં ઉપલબ્ધ થઇ શકશે.

૩) **અતુલ કેશપ : NIR** : અમેરીકિ રાષ્ટ્રપતિ બરાક ઓબામાં એ ભારતીય મૂળનાઅતુલ કેશપને શ્રીલંકા તથા માલદિવના નવા રાજદુત તરીકે નિયુકત કર્યા છે. અતુલ ભારત સ્થિત અમેરિકી દુતવાસમાં પણ કામ કરી ચુકયા છે.

૪) **પોલી ઉમરીગર** : ભારતીય ક્રિકેટર : ભારતીય ટેસ્ટ ક્રિકેટની પહેલી બેવડી સદી ફટકારનાર પૂર્વ કેપ્ટન પોલીનો જન્મ વર્ષ 1926 માં આજના દિવસે ( 28 માર્ચ) થયો હતો.

૫) **ફોર્ચ્યુન દ્વારા વર્ષ 2015 માટે વિશ્વના મહાન નેતાઓની યાદી** : આ યાદીમાં વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઇ મોદી પાંચમાં સ્થાને છે. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા કૈલાસ સત્યાર્થીને આ યાદીમાં 28મું સ્થાન મળ્યું છે. યાદીમાં પ્રથમ સ્થાન એપલ કંપનીના CEO ટીમ કુકને અપાયું છે.

૬) **'ગાંધી શાંતિ પુરસ્કાર'** : વર્ષ 2014નો ગાંધી શાંતિ પુરસ્કાર ઇસરોને આપવામાં આવશે. અંતરિક્ષ વિજ્ઞાન ક્ષત્રે સંસ્થાએ કરેલા પ્રદાન બદલ તેને પુરસ્કારથી નવાજવામાં આવશે.

www.vivekanandacademy.org